# APPENDIX I

## ENTERING BEHAVIOURS TEST

તમને શાળા તેમજ કોલેજમાં શિક્ષણ લેવાનો તેમજ પરીક્ષા આપવાનો અનુભવ છે. તમારમાંના કેટલાંકને શાળામાં શિક્ષણ આપવાનો તેમજ પરીક્ષા લેવાનો પણ અનુભવ છે. તમારા અનુભવોને આધારે નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.

પ્રશ્ન-૧. નીચે કેટલાંક વિધાનો કે પ્રશ્નો આપ્યા છે. દરેકના ચાર શક્ય જવાબો આપેલા છે. તેમાંથી તમને જે જવાબ સૌથી યોગ્ય લાગે તેના પર ✓ નું નિશાન કરો.

૧. શાળાનું મુખ્ય કાર્ય શાળામાં આવતા વિદ્યાર્થીઓને,

(અ) શિસ્ત શીખવવાનું છે.
(બ) પરીક્ષા લેવાનું છે.
(ક) શિક્ષણ આપવાનું છે.
(ડ) તદુંરસ્ત બનાવવાનું છે.

૨. બાળકને શાળામાં શા માટે મોકલવામાં આવે છે ?

(અ) શિક્ષણ લેવા માટે
(બ) ઘેર માબાપને હેરાન ન કરે માટે
(ક) શિક્ષણ ફરજિયાત છે માટે
(ડ) નોકરી માટે લાયકાત ધરાવી શકે માટે,

૩. શાળામાં મોટે ભાગે શિક્ષક

(અ) દરેક વિદ્યાર્થીની જરુરિયાતને ધ્યાનમાં રાખીને શીખવે છે.
(બ) પરીક્ષાને ધ્યાનમાં રાખીને શીખવે છે.
(ક) વિદ્યાર્થીઓના વિકાસ માટે જે મહત્વનું હોય તેને ધ્યાનમાં રાખીને શીખવે છે.
(ડ) પોતાને જે આવડતું હોય તે શીખવે છે.

૪. શિક્ષણને અસરકારક બનાવવા માટે શિક્ષકનું શિક્ષણ,

(અ) પરીક્ષાને ધ્યાનમાં રાખી થવું જોઈએ.

(બ) વિદ્યાર્થીઓને ગમે તે રીતે થવું જોઈએ.

(ક) વર્ગના ઠોઠ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી થવું જોઈએ.

(ડ) નક્કી કરેલા હેતુઓને ધ્યાનમાં રાખી થવું જોઈએ.

૫. શાળામાં પરીક્ષા લેવાનો મુખ્ય હેતુ શું હોવો જોઈએ ?

(અ) વિદ્યાર્થીઓએ કેટલું જ્ઞાન મેળવ્યું તે જાણવાનો,

(બ) વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં ચઢાવવાનો,

(ક) શિક્ષક વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શીખવે છે કે નહીં તે જાણવાનો

(ડ) વિદ્યાર્થીઓની વાંચવાની પદ્ધતિ ચકાસવાનો.

પ્રશ્ન-૨. નીચેની ખાલી જગ્યા પૂરો :-

૧. શાળામાં ......... પરીક્ષાના પરીણામના આધારે વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવે છે. (વાર્ષિક, છમાસિક, ત્રિમાસિક)

૨. શાળામાં વિદ્યાર્થીઓનો વિકાસ માપવા માટે સામાન્ય રીતે ...... સિવાય અન્ય કોઈ પદ્ધતિ વાપરવામાં આવતી નથી. ( પરીક્ષા, આંતરિક મૂલ્યાંકન, નિરીક્ષણ )

૩. વિદ્યાર્થીઓને વ્યવસ્થિત શિક્ષણ આપવાનું સૌથી યોગ્ય સ્થાન ..... છે. ( શાળા, ઘર, સમાજ )

૪. ધોરણવાર જુદા જુદા વિષયમાં શીખવવાના એકમના આયોજનને ...... કહેવાય. ( અભ્યાસક્રમ, ટાઈમ ટેબલ )

પ્રશ્ન-૩ ૧. શાળામાં સામાન્ય રીતે એક વર્ષમાં કેટલી પરીક્ષા લેવામાં આવે છે? કઈ કઈ ?

૨. શાળાની પરીક્ષાના જુદા જુદા વિષયના પ્રશ્નપત્રો કોણ તૈયાર કરે છે ?

૩. શાળામાં સામાન્ય રીતે કયા કયા વિષય શીખવવામાં આવે છે ? તમે જાણતા હોય તેવા કોઈપણ છ વિષયના નામ લખો.

પ્રશ્ન-૪. નીચે (અ) વિભાગની વિગતને (બ) વિભાગની વિગત સાથે જોડો. જવાબ દર્શાવવા (અ) વિભાગમાં આપેલા ચોરસમાં (બ) વિભાગની બંધબેસ્તી વિગતનો અક્ષર લખો.

| | (અ) | (બ) |
|---|---|---|
| [ ] | ૧. આખા વર્ષના અંતે લેવાતી પરીક્ષા | અ. લેખિત |
| [ ] | ૨. લેખિત કાર્યનું માપન કરવા માટેની પરીક્ષા | બ. આંતરિક મૂલ્યાંકન |
| [ ] | ૩. મૌખિક કાર્યનું માપન કરવા માટેની પરીક્ષા | ક. પ્રાયોગિક |
| [ ] | ૪. પ્રાયોગિક કાર્ય, વસ્તુ કે મોડલ બનાવવાના કૌશલ્યનું માપન કરવા માટેની પરીક્ષા. | ડ. મૌખિક |
| [ ] | ૫. વિદ્યાર્થીઓના વર્ષ દરમ્યાનના કાર્યનું શિક્ષકે કરેલું મૂલ્યાંકન | ઇ. વાર્ષિક |

પ્રશ્ન-૫. આજની પરીક્ષા પદ્ધતિની કોઇપણ ત્રણ ખામીઓ લખો.

૧.

૨.

૩.

પ્રશ્ન-૬. પરીક્ષા પદ્ધતિમાં સુધારણા કરવા માટેના તમને જે યોગ્ય લાગે તે બે સૂચન લખો.

૧.

૨.

પ્રશ્ન-૭. નીચે કેટલાંક વિધાનો આપેલા છે. તેમાંથી કેટલાક વિધાનો સાથે તમે સંમત થશો, અને કેટલાક સાથે તમે અસંમત થશો. તમને જે યોગ્ય લાગે તે પ્રમાણેનો તમારો મત વિધાનની સામે આપેલી જગ્યામાં સંમત કે અસંમતના ખાનામાં ✓ નું નિશાન કરી જણાવો.

| | આજની પરીક્ષા પદ્ધતિમાં | સંમત | અસંમત |
|---|---|---|---|
| ૧. | કોઈ જ દોષ નથી. | ------ | ------ |
| ૨. | કેટલાક દોષો છે. | ------ | ------ |
| ૩. | સુધારો કરવાની જરૂર છે. | ------ | ------ |
| ૪. | આ પ્રમાણે પરીક્ષા લેવાનું બિલકુલ બંધ કરી દેવું જોઈએ. | ------ | ------ |
| ૫. | વિદ્યાર્થીઓના વિકાસના દરેક પાસાંઓનું માપન થઈ શકે છે. | ------ | ------ |
| ૬. | ફક્ત બૌદ્ધિક જ્ઞાન માપી શકાય છે. | ------ | ------ |
| ૭. | વિદ્યાર્થીઓની ગોખણપટ્ટીને ઉત્તેજન મળે છે. | ------ | ------ |
| ૮. | વિદ્યાર્થીઓમાં યોગ્ય ટેવોનો વિકાસ થઈ શકે તે પ્રમાણેની પરીક્ષા પદ્ધતિ હોવી જોઈએ. | ------ | ------ |